**ગુજરાત સરકાર રાજપત્ર**
**અસાધારણ**
**સત્તામંડળ દ્વારા પ્રકાશિત**
ભાગ: ૬૭ બુધવાર, ૧૫ જુલાઈ, ૨૦૨૬/ અષાઢ ૨૪/

આ ભાગને અલગ પૃષ્ઠ આપવામાં આવ્યું છે જેથી તેને અલગ સંકલન તરીકે ફાઈલ કરી શકાય.

**ભાગ ૪–ખ**
ગુજરાત અધિનિયમો હેઠળ ગુજરાત સરકાર દ્વારા બનાવેલા નિયમો અને આદેશો (ભાગ I, I-A, અને I-L માં પ્રકાશિત સિવાય)

**સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ**
**જાહેરનામું**
**સચિવાલય, ગાંધીનગર, ૧૫ જુલાઈ, ૨૦૨૬**

નં.: GHL-10/SJED/GCR/e-file/17/2026/1483/CHH-2:– સરકારી જાહેરનામું, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નં. GHL-05/SJED/2025/1/2088/CHH, તારીખ ૧ એપ્રિલ, ૨૦૨૫ હેઠળ ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિનો મુસદ્દો ૧ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ ગુજરાત સરકાર રાજપત્ર, અસાધારણ, ભાગ ૪–ખ માં પાના ૧૨૯–૧ થી ૧૨૯–૫ પ્રકાશિત થયો હતો, જેમાં સત્તાવાર રાજપત્રમાં ઉપરોક્ત જાહેરનામું પ્રકાશિત થયાના ૯૦ દિવસની અંદર અસરગ્રસ્ત થવાની સંભાવના ધરાવતા વ્યક્તિઓ પાસેથી વાંધા અથવા સૂચનો મંગાવવામાં આવ્યા હતા; તેના અનુસંધાને

ઉપરોક્ત જાહેરનામાના મુસદ્દા અંગે આવા વ્યક્તિઓ તરફથી મળેલા વાંધા અથવા સૂચનો સરકાર દ્વારા વિચારણામાં લેવામાં આવ્યા છે તેમજ POCSO નિયમો, ૨૦૨૦ ના નિયમ–૩ ના પેટા–નિયમ (૫), કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫, જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૧૨, તેની હેઠળ ઘડવામાં આવેલા પેટા નિયમો, નામદાર સુપ્રીમ કોર્ટ દ્વારા આપવામાં આવેલા નિર્દેશો, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) મોડેલ નિયમો, રાષ્ટ્રીય બાળ અધિકાર સંરક્ષણ આયોગ (NCPCR) દ્વારા બહાર પાડવામાં આવેલી શાળા સલામતી અને છાત્રાલય માર્ગદર્શિકા, રાષ્ટ્રીય બાળનીતિ, ૨૦૧૩ અને બાળકો માટેની રાષ્ટ્રીય કાર્ય યોજના, ૨૦૧૬ ને પણ વિચારણામાં લેવામાં આવ્યા છે; અને તેથી

હવે, ગુજરાત સરકાર ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ પ્રકાશિત કરે છે, જે નીચે મુજબ છે:–

**પ્રસ્તાવના:**

બધા બાળકો સુખી બાળપણ અને હિંસા, શોષણ, ઉપેક્ષા, અભાવ અને ભેદભાવથી સુરક્ષિત ગૌરવપૂર્ણ જીવન જીવવાની તક મેળવવાના હકદાર છે. ભારતનું બંધારણ બાળકોને સમાન અધિકારો આપે છે અને તેમના સંરક્ષણ અને સુખાકારીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપે છે. ભારતે બાળ અધિકારો અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCRC) પર પણ સહી કરી છે, ભારતના બંધારણ અને રાષ્ટ્રીય બાળનીતિ, ૨૦૧૩ માં બાળકોના સંરક્ષણ

માટે એક મજબૂત કાનૂની માળખું છે, જેમાં કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ ૨૦૧૫; સુધારેલો કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૨૧ (JJ અધિનિયમ); જાતીય ગુનાઓથી બાળકોનું રક્ષણ અધિનિયમ, ૨૦૨૦ (POCSO) અને નિયમો, ૨૦૨૦; ગર્ભધારણ પહેલા અને પ્રસૂતિ પહેલા નિદાન તકનીકો (PCPNDT) અધિનિયમ, ૧૯૯૪; બાળ અધિકાર સંરક્ષણ આયોગ અધિનિયમ ૨૦૦૫; બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર અધિનિયમ, ૨૦૦૯; બાળલગ્ન પ્રતિબંધ અધિનિયમ, ૨૦૦૬ અને ૨૦૧૬ નો સુધારો; બાળ અને કિશોર મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારો અધિનિયમ, ૨૦૧૬; આઈટી અને ડિજિટલ વ્યક્તિગત ડેટા સંરક્ષણ અધિનિયમ, ૨૦૨૩; દિવ્યાંગજન અધિકાર અધિનિયમ, ૨૦૧૬; રાષ્ટ્રીય આપત્તિ વ્યવસ્થાપન માર્ગદર્શિકા: શાળા સલામતી નીતિ, ૨૦૧૩; માનસિક આરોગ્યસંભાળ અધિનિયમ; HIV અને AIDS (નિવારણ અને નિયંત્રણ) અધિનિયમ; ટ્રાન્સજેન્ડર વ્યક્તિઓ (અધિકારોનું રક્ષણ) અધિનિયમ; ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩; ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ અને આ વિષય સંબંધિત નામદાર સુપ્રીમ કોર્ટ / નામદાર હાઈકોર્ટના ચુકાદાઓનો સમાવેશ થાય છે.

આ નીતિ બાળ અધિકારો અંગેના સંયુક્ત રાષ્ટ્ર સંમેલન (UNCRC), દિવ્યાંગજન અધિકારો અંગેના સંમેલન, CEDAW અને અન્ય સંબંધિત આંતરરાષ્ટ્રીય માનવ અધિકાર દસ્તાવેજો હેઠળ ભારતની જવાબદારીઓને પણ દર્શાવે છે. તે રાષ્ટ્રીય બાળનીતિ, ૨૦૧૩, બાળકો માટેની રાષ્ટ્રીય કાર્ય યોજના, ૨૦૧૬ અને ટકાઉ વિકાસ લક્ષ્યાંકો સાથે પણ સુસંગત છે.

ગુજરાત સરકાર તમામ બાળકોના અધિકારોને તેમજ ગુજરાત અને ભારતની વૃદ્ધિ અને વિકાસને સિદ્ધ કરવા માટે આ અધિકારોને જાળવી રાખવાના મહત્વને માન્યતા આપે છે. રાજ્ય, અધિકાર–આધારિત અભિગમ સાથે રાજ્યની અંદરના તમામ બાળકોનું સંરક્ષણ સુનિશ્ચિત કરવા માટે પ્રતિબદ્ધ છે, જેનો અર્થ બાળકોના ભાગીદારીના અધિકાર સહિત તેમના કાયદેસર રીતે માન્ય અધિકારોના માળખામાં બાળકોની સલામતી અને સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.

**૧. ટૂંકું શીર્ષક:**

૧) આ નીતિ ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ, ૨૦૨૬ તરીકે ઓળખાશે.
૨) તે સત્તાવાર રાજપત્રમાં પ્રકાશિત થયાની તારીખથી અમલમાં આવશે.

**૨. ધ્યેય:**

ક) ગુજરાતમાં એવા સમાજનું નિર્માણ કરવું કે જ્યાં દરેક બાળક સલામત, આદરણીય, સુરક્ષિત, અધિકારયુક્ત હોય, અને તેની/તેણીની સંપૂર્ણ ક્ષમતાને સાકાર કરવા માટેની સુવિધા પૂરી પાડવામાં આવતી હોય, તેમજ ભાગીદારી અને અધિકારીતા મારફત સલામતી, શિક્ષણ, આરોગ્ય અને સર્વાંગી વિકાસના તેના અધિકારો સુનિશ્ચિત કરવામાં આવતા હોય.

ખ) રાજ્યમાં દરેક બાળક, ધર્મ, જાતિ, લિંગ, સામાજિક, આર્થિક, રાજકીય, સાંસ્કૃતિક અથવા ભૌગોલિક પૃષ્ઠભૂમિના આધારે ભેદભાવ વિના, તમામ પ્રકારની હિંસા, દુર્વ્યવહાર, ઉપેક્ષા અને શોષણથી સુરક્ષિત રહેશે અને તમામ ક્ષેત્રોમાં બાળ સંરક્ષણ સેવાઓનો સમાન ઉપયોગ કરી શકશે.

ગ) વિકસિત ભારત અને વિકસિત ગુજરાતના વિઝન સાથે સુસંગત થવા માટે બધા બાળકો માટે સામાજિક સુરક્ષા અને વિકાસ પર ભાર મૂકવો અને સમાવેશકતા અને બાળ અધિકારો પર પણ ભાર મૂકવો.

**૩. નીતિના મુખ્ય હેતુઓ:**

ક) મજબૂત, બાળ–કેન્દ્રિત અને અસરકારક બાળ સંરક્ષણ તંત્ર બનાવવું.
ખ) અસરકારક અને બાળકોને અનુકૂળ સંભાળ અને રક્ષણ પૂરું પાડવા માટે સંસ્થાઓ, કાયદા અમલીકરણ તંત્ર અને સંભાળ રાખનારાઓની ક્ષમતાનું નિર્માણ કરવું.
ગ) આંતર–વિભાગીય, આંતર–એજન્સી અને બહુ–ક્ષેત્રીય સંકલન અને જવાબદારીને પ્રોત્સાહન આપવું અને તેને સુદ્રઢ કરવી.

**૪. નીતિનો વ્યાપ:**

ક) ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ નીતિ તમામ સરકારી વિભાગો, વૈધાનિક સંસ્થાઓ, સરકારી એજન્સીઓ, NGO, નાગરિક, સમાજ, સંસ્થાઓ અને બાળકો સાથે પ્રત્યક્ષ કે પરોક્ષ સંપર્કમાં આવતી વ્યક્તિઓને લાગુ પડશે, જેમાં કોર્પોરેટ અને વ્યાપાર ગૃહો, ઉદ્યોગો, મીડિયા સંસ્થાઓ, નિવાસી કલ્યાણ સંગઠનો, ધાર્મિક અને શ્રદ્ધા આધારિત સંસ્થાઓ, બાળ સંભાળ સંસ્થાઓ અને બાળકો રહેતા હોય, શીખતા હોય, રમતા હોય, સંભાળ મેળવતા હોય અથવા ભાગ લેતા હોય તેવા તમામ ક્ષેત્રોનો સમાવેશ થાય છે.

ખ) તે સંવેદનશીલ પરિસ્થિતિઓમાં રહેલા બાળકોને પણ આવરી લે છે, જેમાં સંભાળ અને રક્ષણની જરૂર હોય તેવા બાળકો, કાયદા સાથે સંઘર્ષમાં રહેલા બાળકો, દિવ્યાંગ બાળકો, સ્થળાંતરિત બાળકો, અનાથ, અનુસૂચિત જનજાતિ, અનુસૂચિત જાતિ અને અન્ય વંચિત સમુદાયોના બાળકો, માનવ તસ્કરીથી પ્રભાવિત બાળકો, શેરીમાં રહેતા બાળકો, સંસ્થાકીય અને વૈકલ્પિક સંભાળમાં રહેતા બાળકો, ટ્રાન્સજેન્ડર અને આંતરલિંગી બાળકો, HIV/AIDS અથવા દીર્ઘકાલીન બીમારીથી પીડાતા બાળકો, કુદરતી આફતોથી પ્રભાવિત બાળકો અને સંઘર્ષવાળા વિસ્તારોમાં રહેતા બાળકોનો સમાવેશ થાય છે.

ગ) આ નીતિ ગુજરાત રાજ્યના અધિકારક્ષેત્રમાં આવતી દરેક વ્યક્તિને લાગુ પડે છે.

**૫. વ્યાખ્યા:**

ક) "બાળક" એટલે ૧૮ વર્ષથી ઓછી વય ધરાવતી કોઈપણ વ્યક્તિ અથવા કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ ની કલમ–2(K) મુજબ અઢાર વર્ષ પૂર્ણ કર્યા ન હોય તેવી વ્યક્તિ.

ખ) "બાળ સંરક્ષણ" એટલે બાળકોનું શોષણ, દુર્વ્યવહાર, ઉપેક્ષા, હાનિકારક પ્રથાઓ અને હિંસાનું નિવારણ અને તેની સામે પ્રતિક્રિયા.

ગ)	"બાળ સંરક્ષણ પ્રણાલી" માં માનવ સંશાધન, નાણાં, કાયદા અને નીતિઓ, શાસન, દેખરેખ અને ડેટા સંગ્રહ તેમજ બાળકોની સંરક્ષણ અને પ્રતિભાવ સેવાઓ અને સંભાળ વ્યવસ્થાપનનો સમાવેશ થાય છે. તેમાં વિવિધ હિતધારકો – બાળકો, પરિવારો, સમુદાયો, ઉપ–રાષ્ટ્રીય અથવા રાષ્ટ્રીય સ્તરે કામ કરતા લોકો અને આંતરરાષ્ટ્રીય સ્તરે કામ કરતા લોકોનો સમાવેશ થાય છે.

સંકલિત બાળ સુરક્ષા યોજના (હવે મિશન વાત્સલ્ય) હેઠળ, બાળ સુરક્ષામાં બાળકોને તેમના જીવન, ગૌરવ, વિકાસ અને સુખાકારી માટેના વાસ્તવિક અથવા સંભવિત જોખમોથી બચાવવાનો; તેઓને નુકસાનની સંભાવના ઘટાડવાનો; સામાજિક સંરક્ષણ પ્રણાલીઓમાંથી બાકાત રાખતા અટકાવવાનો; અને જરૂર હોય ત્યારે સંભાળ, રક્ષણ, પુનર્વસન અને ન્યાય સુધી સમયસર પહોંચ સુનિશ્ચિત કરવાનો સમાવેશ થાય છે. અન્યથા ઉલ્લેખિત ન હોય ત્યાં, કિશોર ન્યાય (બાળકોની સંભાળ અને સંરક્ષણ) અધિનિયમ, ૨૦૧૫ માં સમાવિષ્ટ વ્યાખ્યાઓ અને લાગુ પડતા બાળ સંબંધિત કાયદાઓ લાગુ પડશે.

**૬. માર્ગદર્શક સિદ્ધાંતો:**

આ નીતિ બાળકો સાથે દુર્વ્યવહાર અને તેનું શોષણ ચલાવી ન લેવાના સિદ્ધાંત પર આધારિત છે. વધુમાં, બાળ સંરક્ષણ નીતિ ઘડતી વખતે નીચેના સિદ્ધાંતો લાગુ કરવા જોઈએ:–

a) બાળકનું શ્રેષ્ઠ હિત
b) સમાનતા અને સમભાવ
c) જીવન ટકાવી રાખવાનો, વિકાસ કરવાનો અને સુખાકારીનો અધિકાર
d) બાળકના મતનો આદર
e) ગૌરવ, આદર અને બાળકને અનુકૂળ પ્રથાઓ
f) પરિવાર સશક્તિકરણ અને સંરક્ષણ
g) છેલ્લા ઉપાય તરીકે વૈકલ્પિક સંભાળ
h) હિંસાથી સલામતી અને સ્વતંત્રતા
i) નિજતા અને ગોપનીયતા
j) જવાબદારી
k) ભાગીદારી અને સંકલન

**૭. સરકારી પ્રાથમિકતાઓ:**

ગુજરાતમાં બાળકો સામેના જોખમોના બદલાતા સ્વરૂપને ઓળખીને, સરકાર નીચેની વ્યૂહરચનાઓને પ્રાથમિકતા આપશે:–

ક)	**બાળકો સામે હિંસા નિવારણ:** સરકાર માને છે કે બાળ સંરક્ષણ માટે નિવારણ એ સૌથી અસરકારક અને ટકાઉ અભિગમ છે. તે મુજબ, સરકાર સંરક્ષણની પ્રથમ હરોળમાં પરિવારોને મજબૂત બનાવવા; સંરક્ષણાત્મક સમુદાયોના નિર્માણ કરવા; વર્તણૂક પરિવર્તનને પ્રોત્સાહન આપવા માટે પ્રતિબદ્ધ છે.

ખ) **સલામત વાતાવરણ બનાવવું:** બાળકો રહેતા હોય, શીખતા હોય અથવા સેવાઓ મેળવતા હોય તેવી દરેક જગ્યાએ ક્રમશ: બાળ સંરક્ષણ પગલાં અપનાવવાના રહેશે. સરકાર બાળ–સુરક્ષિત શાળાઓ, બાળ–સુરક્ષિત આરોગ્ય સંભાળ સુવિધાઓ; બાળ–સુરક્ષિત બાળ સંભાળ સંસ્થાઓ; બાળ–સુરક્ષિત કાર્યસ્થળો; બાળ–સુરક્ષિત ડિજિટલ વાતાવરણ; બાળ–સુરક્ષિત જાહેર જગ્યાઓને પ્રોત્સાહન આપશે.

ગ) **સમયસર રક્ષણ અને ગુણવત્તાયુક્ત પ્રતિક્રિયા સુનિશ્ચિત કરવી:** રક્ષણની જરૂર હોય તેવા દરેક બાળકને સંકલિત, બાળકને અનુકૂળ હોય તેવી અને અધિકારો આધારિત સેવાઓ સમયસર ઉપલબ્ધ કરાવવાની રહેશે. સરકાર ત્વરિત ઓળખ અને પરામર્શ; બાળ–સંવેદનશીલ ન્યાય; પુન:પ્રાપ્તિ, પુનર્વસન અને પુનઃસમાવેશન; માનસિક સ્વાસ્થ્ય અને મનોસામાજિક સહાય સેવાઓ માટે પ્રતિબદ્ધ છે.

ઘ) **બાળ સંરક્ષણ પ્રણાલીઓ સુદ્રઢ કરવી:** સરકાર પર્યાપ્ત ભંડોળ; કુશળ માનવ સંસાધનો; ટેકનોલોજી આધારિત માહિતી પ્રણાલીઓ; બાળ બજેટિંગ; કાર્યકારી માર્ગદર્શિકા અને બાળ સંરક્ષણ માટે કાર્યરત કર્મચારીગણના નિરંતર ક્ષમતા વિકાસ દ્વારા બાળ સંરક્ષણ માટે જવાબદાર સંસ્થાઓને સુદ્રઢ કરવા માટે પ્રતિબદ્ધ છે.

ચ) **ઓનલાઇન સલામતી સુનિશ્ચિત કરવી અને ઉભરતા જોખમો:** સરકાર ઇન્ટરનેટ, સોશિયલ મીડિયા પ્લેટફોર્મ અને ડિજિટલ ટેકનોલોજીના ઉપયોગ સંબંધિત સાયબર સંરક્ષણ, નિવારણ અને પ્રતિક્રિયા પદ્ધતિઓને મજબૂત બનાવશે.

**૮. અમલીકરણ માળખું: અમલીકરણ તબક્કાવાર રીતે હાથ ધરવામાં આવશે.**

ક) અમલીકરણનું સંકલન કરવા, સંકલનનું નેતૃત્વ કરવા, કાર્યકારી માર્ગદર્શિકા બહાર પાડવા, દેખરેખ રાખવા અને વાર્ષિક સમીક્ષાને સરળ બનાવવા માટેનો નોડલ વિભાગ સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ રહેશે.

ખ) દરેક વિભાગ આ નીતિને અનુરૂપ વાર્ષિક અમલીકરણ યોજનાઓ તૈયાર કરશે.

ગ) સંલગ્ન વિભાગોએ આ નીતિનું જાહેરનામું બહાર પડ્યાના એક વર્ષના સમયગાળામાં કાર્યકારી માર્ગદર્શિકા, પ્રોટોકોલ તૈયાર કરવાના રહેશે.

ઘ) સરકાર તમામ બાળ સંરક્ષણ અને સંલગ્ન વ્યવસ્થાઓ માટે સતત શિક્ષણ માળખું ઉભુ કરશે.

ચ) તમામ સંસ્થાઓ અને સંગઠનોએ માર્ગદર્શિકા અને હાલના કાયદાઓ અનુસાર બાળકોનું રક્ષણ કરવા અને કોઈપણ દુર્વ્યવહાર, શોષણ અથવા ઉપેક્ષાની જાણ કરવા માટે સંસ્થામાં પ્રક્રિયાઓ અને

વ્યવસ્થાઓ સુનિશ્ચિત કરવાના હેતુથી ચોક્કસ સભ્ય / સ્ટાફના સભ્યને જવાબદારી સોંપવાની રહેશે.

૯. **સંસ્થાકીય જવાબદારી:** નીતિના અસરકારક અમલીકરણ માટે સ્પષ્ટ રીતે વ્યાખ્યાયિત સંસ્થાકીય જવાબદારીઓ જરૂરી છે. ગુજરાત સરકાર નીતિ અંગે એકંદર નિર્દેશ આપશે, બાળ સંરક્ષણ માટે રાજ્ય કાર્ય યોજનાઓ વિકસાવશે, અમલમાં મૂકશે અને તેની દેખરેખ રાખશે અને પર્યાપ્ત ભંડોળ સુનિશ્ચિત કરશે.

ક) બાળકોને સેવાઓ પૂરી પાડતા વ્યાવસાયિકો (શિક્ષકો, સલાહકારો, તબીબો/અન્ય આરોગ્ય કાર્યકર્તા અને અન્ય)એ બાળકની સલામતી અને કલ્યાણ અંગે તેઓને ચિંતા જણાય તો તેની જાણ કરવા અને પગલાં લેવા માટે બાળ સંરક્ષણ નીતિનું પાલન કરવાનું રહેશે.

ખ) કોઈપણ વ્યક્તિને બાળકોના ઓનલાઈન દુર્વ્યવહાર, બાળકો સામે જાતીય દુર્વ્યવહાર અંગેની સામગ્રીનું પ્રસારણ, બાળ લગ્ન, બાળ મજૂરી, બાળ તસ્કરી, બાળકો સાથે દુર્વ્યવહાર, લિંગ, જાતિ, ધર્મ, ભાષા, દિવ્યાંગતા અથવા અન્ય કોઈપણ કારણોસર બાળક સામે ભેદભાવ, બાળકનો ત્યાગ અથવા ઉપેક્ષા સહિત શારીરિક, જાતીય અથવા ભાવનાત્મક દુર્વ્યવહારની શંકા જણાય તો તેણે CHILD HELP LINE ૧૦૯૮/૧૧૨ અથવા તે માટેની અન્ય કોઈપણ હેલ્પલાઇન, પોલીસ અથવા બાળ કલ્યાણ સમિતિને તે ઘટનાની જાણ કરવાની રહેશે. માહિતી આપનારની ઓળખ સુરક્ષિત રાખવામાં આવશે અને તેને જાહેર કરવામાં આવશે નહીં.

ગ) તબીબી સંસ્થાઓ (હોસ્પિટલ અને ક્લિનિક્સ), તબીબો અને આરોગ્ય કર્મચારીઓ લિંગ, જાતીય અભિગમ, દિવ્યાંગતા, જાતિ, ધર્મ, આદિજાતિ, ભાષા, વૈવાહિક સ્થિતિ, વ્યવસાય, રાજકીય માન્યતા અથવા અન્ય સ્થિતિના આધારે સારવારનો ઈનકાર કરી શકશે નહી અથવા ભેદભાવ કરી શકશે નહી. જાતીય હિંસા અને એસિડ હુમલાના ભોગ બનેલા/પીડિતોને તબીબી સારવારનો ઈનકાર કરવો એ ભારતીય ન્યાય સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૨૦૦ અને ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા, ૨૦૨૩ ની કલમ – ૩૯૭ હેઠળ ગુનો બને છે.

૧૦. **દેખરેખ માળખું:** ગુજરાત સરકાર અને અન્ય તમામ સંબંધિત સત્તાધિકારીઓ, નાગરિક સમાજ સંગઠનો, પરિવારો અને વ્યાપક સમુદાય, આ ગુજરાત બાળ સંરક્ષણ નીતિના વિઝનને અસરકારક રીતે સાકાર કરવા અને બાળકો માટે પરિણામો પ્રાપ્ત કરવા માટે સહયોગ અને ભાગીદારીથી કામ કરશે.

ક) ગુજરાત સરકારના મુખ્ય સચિવ વાર્ષિક ધોરણે ગુજરાત Child Protection Policy ના અમલીકરણની સમીક્ષા કરશે.

ખ) ગુજરાત સરકારનો સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ બાળકોને સેવાઓ પૂરી પાડતા સંબંધિત વિભાગો સાથે સંકલનમાં રહીને આ સમીક્ષાને સુગમ બનાવશે.

ગ) ગુજરાત રાજ્ય બાળ સંરક્ષણ સોસાયટી (GSCPS) આ નીતિના અમલીકરણ પર દેખરેખ રાખશે.

## ૧૧. તાલીમ અને ક્ષમતા નિર્માણ:

રાજ્ય, બાળ સંરક્ષણ સંબંધિત ચિંતાજનક પરિસ્થિતિઓ અટકાવવા, ઓળખવા, જણાવવા અને અસરકારક પ્રતિક્રિયા આપવા માટે તમામ હિતધારકોના જ્ઞાન, કૌશલ્ય અને કાર્યક્ષમતાઓને મજબૂત કરવા નિયમિત તાલીમ અને ક્ષમતા નિર્માણને પ્રોત્સાહન આપશે, જેમાં નીચેની બાબતોનો સમાવેશ થાય છે:

(ક) બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરતી સંસ્થાઓ અને સંગઠનોએ બાળકો સાથે થતાં દુર્વ્યવહાર, ઓનલાઈન સંરક્ષણ અને તેમના માટે ઉપલબ્ધ સેવાઓ વિશે માહિતગાર કરવા વય મુજબના મોડ્યુલ અને સામગ્રી વિકસાવવાની રહેશે.

(ખ) બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરતી સંસ્થાઓ અને સંગઠનોએ તેમના તમામ કર્મચારીઓને બાળ અધિકારો, પોક્સો (POCSO) અધિનિયમ, ૨૦૧૨; કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫ ની જોગવાઈઓ અને બાળકો માટેના અન્ય કાયદાઓ અંગેની તાલીમ અવશ્ય આપવાની રહેશે અને શારીરિક શિક્ષા, ધાકધમકી (બુલિંગ) અને અન્ય કોઈપણ પ્રકારના દુર્વ્યવહારને અટકાવવામાં આવે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. તમામ કર્મચારીઓ બાળકો સાથે દુર્વ્યવહાર/શોષણ અથવા ઉપેક્ષા દર્શાવતા લક્ષણો અને વર્તનથી પરિચિત હોવા જોઈએ.

## ૧૨. સંગઠનો, સંસ્થાઓ અને એકમો માટેની માર્ગદર્શક સૂચનાઓ:-

(ક) તમામ વિભાગો, સંસ્થાઓ અને સંગઠનોએ બાળકોના રક્ષણ અને કલ્યાણ માટેની રાષ્ટ્રીય માર્ગદર્શક સૂચનાઓ અને વિવિધ કાયદાઓને અનુરૂપ બાળ સંરક્ષણ નીતિ અને કર્મચારીઓ માટે આચારસંહિતા વિકસાવવાની રહેશે અને તેને યોગ્ય રીતે પ્રદર્શિત કરવાની રહેશે.

(ખ) તમામ કર્મચારીઓ/કરાર આધારિત (કોન્ટ્રાક્ટ) કામદારોએ બાળ સંરક્ષણ માટેના એકરારનામા પર ફરજિયાત સહી કરવાની રહેશે અને તેનું પાલન કરવા સંમતિ આપવાની રહેશે. (બિડાણ-૧ માં એકરારનામાનો મુસદ્દો).

(ગ) ચાઈલ્ડ હેલ્પલાઈન ૧૦૯૮/૧૧૨ અથવા તે સંબંધિત અન્ય કોઈપણ હેલ્પલાઈન અને બાળ સંરક્ષણ માટે નિયુક્ત અધિકારીની સંપર્ક વિગતો યોગ્ય રીતે અવશ્ય પ્રદર્શિત કરવાની રહેશે.

(ઘ) કોર્પોરેટ ગૃહો અને ઉદ્યોગોએ તે ઉદ્યોગો/પેટા કંપનીઓ કોઈપણ સ્વરૂપમાં બાળ મજૂરીનો ઉપયોગ કરતી નથી તે સુનિશ્ચિત કરવા માટે દેખરેખ વ્યવસ્થા કરવાની રહેશે અને તેને મજબૂત બનાવવાની રહેશે.

(ચ) બાળકો સાથે પ્રત્યક્ષ રીતે કામ કરતી સંસ્થાઓ અને સંગઠનોએ બાળકોના સંપર્કમાં આવતા તમામ નિયમિત અથવા કરાર આધારિત કર્મચારીઓ, સ્વયંસેવકો અને અન્ય લોકોની પશ્ચાદભૂમિકાની કડક તપાસ (પોલીસ વેરિફિકેશન સહિત) સુનિશ્ચિત કરવાની રહેશે.

(છ) જો કર્મચારીઓની સંખ્યા ૫૦ કે તેથી વધુ હોય તો (દૈનિક વેતન/કરાર આધારિત કર્મચારીઓ સહિત) કર્મચારીઓના બાળકો માટે ઘોડિયાઘર /મોબાઈલ ઘોડિયાઘરની સુવિધા પૂરી પાડવાની રહેશે; અન્યથા, શિશુઓ ધરાવતી માતાઓ માટે બાળ સંભાળ માટે યોગ્ય જગ્યા અને સુવિધા પૂરી પાડવાની રહેશે.

(જ) તમામ જાહેર સ્થળોએ બાળકોને અનુરૂપ ઝોન અને માતાઓને તેમના શિશુઓને રાખવા માટે સુરક્ષિત જગ્યાઓ અવશ્ય વિકસાવવાની રહેશે.

**૧૩. આચારસંહિતા:**

કર્મચારીઓ/કરાર આધારિત કામદારો માટેની આચારસંહિતામાં એ નિર્ધારિત કરવાનું રહેશે કે તેઓ જાતિ, રંગ, લિંગ, જાતીયતા, ભાષા, ધર્મ, રાજકીય અથવા અન્ય અભિપ્રાય, રાષ્ટ્રીય, વંશીય કે સામાજિક મૂળ, મિલકત, દિવ્યાંગતા, જન્મ અથવા અન્ય દરજ્જાના ભેદભાવ વિના હંમેશા બાળકો સાથે સહાનુભૂતિ અને સન્માનપૂર્વક વર્તન કરે. આચારસંહિતામાં એ સ્પષ્ટ હોવું જોઈએ કે સ્ટાફના સભ્યોએ નીચે દર્શાવ્યા અનુસારની કે તે પ્રકારની અન્ય કોઈપણ વર્તણૂંક ન થાય તેની ખાસ તકેદારી રાખવાની રહેશે:-

(ક) બાળકો પ્રત્યે અયોગ્ય, પરેશાન કરનાર, અપમાનજનક, જાતીય ઉશ્કેરણીજનક, નીચું દેખાડનાર અથવા સાંસ્કૃતિક રીતે અયોગ્ય હોય એવી ભાષા કે વર્તનનો ઉપયોગ કરવો.

(ખ) બાળકો સાથે શારીરિક/જાતીય સંબંધો વિકસાવવા અથવા પ્રેરિત કરવા અથવા તેને કોઈપણ રીતે સમર્થન આપવું.

(ગ) બાળકો સાથે કોઈપણ પ્રકારનો સંબંધ અથવા વ્યવસ્થા ઊભી કરવી જે કોઈપણ રીતે શોષણકારક અથવા અપમાનજનક ગણી શકાય.

(ઘ) બાળકને દુર્વ્યવહાર કે શોષણના જોખમમાં મૂકવું અથવા તેના વિશે જાણતા હોવા છતાં તેની જાણ ન કરવી અથવા તેના વિશે કંઈપણ ન કરવું.

(ચ) બાળકો પર સંશોધન કરતી અને બાળકો પાસેથી પ્રત્યક્ષ રીતે અથવા માતાપિતા/સમુદાય પાસેથી પરોક્ષ રીતે ડેટા એકત્રિત કરતી સંસ્થાઓએ એ સુનિશ્ચિત કરવું કે આ પ્રક્રિયા દરમિયાન બાળકોને કોઈપણ રીતે નુકસાન ન પહોંચે કે તેમને આઘાત ન લાગે. તમામ સંશોધન સ્ટાફને નૈતિક વ્યવહારો કે પ્રથાઓ અને બાળ-સ્નેહી પ્રક્રિયાઓ અંગે તાલીમ આપવાની રહેશે.

**૧૪. અનુપાલન અને કાર્યવાહી:**

(ક) તમામ વિભાગો/વ્યક્તિઓ/સંગઠનો/સંસ્થાઓ આ નીતિના ઉદ્દેશ્યો હાંસલ કરવા માટે કાર્ય કરશે.

(ખ) આ નીતિ હેઠળ આવરી લેવામાં આવેલ કોઈપણ સરકારી વિભાગ, સંસ્થા, એજન્સી, સંગઠન અથવા વ્યક્તિ દ્વારા તેની જોગવાઈઓનું પાલન કરવામાં નિષ્ફળતા/ઈરાદાપૂર્વકની નિષ્ક્રિયતા માટે સંબંધિત સેવા નિયમો, વિભાગીય નિયમો, કરારની શરતો અને લાગુ પડતા કાયદાઓ અનુસાર યોગ્ય વહીવટી, શિસ્તભંગના, કરાર આધારિત અથવા કાનૂની પગલાં લેવામાં આવશે. (બિડાણ - ૨ નો સંદર્ભ જુઓ).

**૧૫.** નીતિની પ્રગતિ અને પરિણામો પર દેખરેખ રાખવા માટે દર ત્રણ વર્ષે અથવા તે પહેલાં આ નીતિની સમીક્ષા કરવામાં આવશે.

**જોડાણ – ૧**
**તમામ કર્મચારીઓ/નોકરીદાતા દ્વારા એકરારનામું**

હું, ................ , ........................ (કર્મચારીનું નામ અને હોદ્દો), ............................ (સંસ્થાનું નામ) આથી જાહેર કરું છું કે:

૧ હું વય, દિવ્યાંગતા, લિંગ, વંશીય વારસો, ધાર્મિક માન્યતા, જાતીય અભિગમ અથવા ઓળખને ધ્યાનમાં લીધા વિના હંમેશા તમામ બાળકોનું સન્માન કરીશ;

૨. તમામ પ્રકારની હાનિ કે નુકસાન અથવા શોષણ સામે સમાન રક્ષણના તેમના અધિકારનું સમર્થન કરીશ;

૩. હું બાળ મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, ૨૦૧૬ હેઠળ વ્યાખ્યાયિત કર્યા મુજબ કોઈપણ બાળકને રોજગારી આપીશ નહીં.

૪. હું મારા ધ્યાનમાં આવતા બાળ દુર્વ્યવહાર, શોષણ અને ઉપેક્ષાના કોઈપણ કેસની હંમેશા યોગ્ય સત્તાધિકારીને જાણ કરીશ અને કોઈપણ બાળકનું શારીરિક, ભાવનાત્મક અથવા જાતીય રીતે નુકસાન કે શોષણ કરીશ નહીં.

(કર્મચારીનું નામ)
(નોકરીદાતાનું નામ અને હોદ્દો)
(સંસ્થા/સંગઠનનું નામ)

## જોડાણ – ૨

નીચેના ગુનાઓ/વર્તન કાયદા દ્વારા શિક્ષાપાત્રને છે અને આ કાયદાઓનું પાલન કરવું દરેક પુખ્ત નાગરિકની ફરજ છે:

| **ગુનાઓ/વર્તન** | **કાયદાઓ** |
|---|---|
| જાતીય હુમલો, જાતીય સતામણી, પોર્નોગ્રાફિક હેતુ માટે બાળકનો ઉપયોગ | જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ (POCSO) અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| બાળ જાતીય શોષણ સામગ્રીનું ઉત્પાદન, પ્રસાર અને ઉપયોગ | ઈન્ફોર્મેશન ટેકનોલોજી (IT) એક્ટ, ૨૦૦૦ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| યોગ્ય સત્તાધિકારી સિવાય અન્ય કોઈપણ વ્યક્તિ સમક્ષ પીડિત બાળકની ઓળખ જાહેર કરવી | જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨, જુવેનાઈલ જસ્ટીસ અધિનિયમ, ૨૦૧૫ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| ગેરકાયદેસર દત્તક લેવા, જાતીય શોષણ માટે બાળકોની હેરફેર, આતંકવાદી જૂથો દ્વારા બાળકોનો ઉપયોગ, બાળકોને નશીલા પીણાં, માદક દ્રવ્યો અથવા તમાકુ ઉત્પાદનો અથવા સાયકોટ્રોપિક પદાર્થો આપવા, દિવ્યાંગ બાળકો સામેના ગુનાઓ, જાતીય શોષણ/શોષણયુક્ત મજૂરી/અન્ય કારણોસર બાળકોની હેરફેર અને અપહરણ સહિતના કોઈપણ હેતુ માટે બાળકોનું વેચાણ અને ખરીદી | કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫; અનૈતિક વ્યાપાર (નિવારણ) અધિનિયમ, ૧૯૫૬; ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૧૪૩ અને ૧૪૪ તથા અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| બાળ સંભાળ સંસ્થાઓમાં શારીરિક શિક્ષા | કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૬૮ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| શાળાઓમાં શારીરિક શિક્ષા | બાળકોને મફત અને ફરજિયાત શિક્ષણનો અધિકાર (RTE) અધિનિયમ, ૨૦૦૯, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૬૫ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| CARINGS અને બાળ કલ્યાણ સમિતિઓ દ્વારા યોગ્ય પ્રક્રિયા વિના બાળકને દત્તક લેવું/ આવા ગેરકાયદેસર દત્તક લેવાને પ્રોત્સાહન અથવા સુવિધા આપવી | કિશોર ન્યાય અધિનિયમ (JJ એક્ટ), ૨૦૧૫, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૧૪૩ અને ૧૪૪ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| કોઈપણ વ્યવસાય અથવા ઉદ્યોગમાં ૧૪ વર્ષથી નીચેના બાળકોને રોજગારી આપવી | બાળ અને કિશોર મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, ૨૦૧૬, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ–૧૪૬ અને ૧૪૭ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |

| | |
|---|---|
| જોખમી વ્યવસાય અથવા ઉદ્યોગોમાં ૧૫-૧૮ વર્ષના બાળકોને રોજગારી આપવી | બાળ અને કિશોર મજૂરી (પ્રતિબંધ અને નિયમન) સુધારા અધિનિયમ, ૨૦૧૬, ભારતીય ન્યાય સંહિતા (BNS), ૨૦૨૩ ની કલમ-૧૪૬ અને ૧૪૭ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| બાળકના લગ્ન કરવા/ બાળ લગ્નને પ્રોત્સાહન આપવું કે સંપન્ન કરાવવા | બાળ લગ્ન પ્રતિબંધક અધિનિયમ, ૨૦૦૬, જાતીય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતો અધિનિયમ, ૨૦૧૨ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |
| જેનાથી સ્ત્રી ભ્રૂણ હત્યા થઇ શકે તેવી પ્રસૂતિ પૂર્વેની ગર્ભના જાતિ નિર્ધારણ માટે તકનીકો | PCPNDT અધિનિયમ, ૧૯૯૪ અને અન્ય લાગુ કાયદા/જોગવાઈઓ. |

**ગુજરાતના રાજ્યપાલના આદેશથી અને તેમના નામે,**

કિશોર રાઠવા,
સરકારના નાયબ સચિવ.